જિલ્લા કક્ષાએ ધોરણ ૧૦ અને ૧૨ માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ઇનામ આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃએસસીડબલ્યુ/૧૦૨૦૧૩/૭૭૧૪૧૬/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૫/૮/૨૦૧૪

5 AUG 2014

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તાઃ૧૩/૧૧/૨૦૧૩નો પત્ર ક્રમાંકઃ અજાક-ગ.૧-૧-૨૦૧૩-૧૪-૫૫૫૭-૫૮.

ઠરાવઃ-

રાજયમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ અભ્યાસમાં વધુ રસ કેળવી સારી ટકાવારી પ્રાપ્ત કરી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે ધોરણ-૧૦ અને ૧૨ માં જિલ્લા કક્ષાએ પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમે આવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામ આપવાની નવી બાબતનો વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં સમાવેશ કરવા માટે વંચાણે લીધા ક્રમ (૧) ના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે ને વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિના જિલ્લા કક્ષાએ ધોરણ-૧૦ અને ૧૨ માં પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમે આવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામ આપવાની રૂ.૨૭.૭૨ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતોઃ-

(૧) ધોરણ- ૧૨ માટે વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ માટે અલગ અલગ ઇનામો આપવાના રહેશે.

(૨) ધોરણ- ૧૦ અને ૧૨ માટે પ્રોત્સાહક ઇનામની સહાયનુ ધોરણ નીચે મુજબ રહેશે.

| ક્રમ | પ્રોત્સાહક ઇનામની રકમ. |
|---|---|
| પ્રથમ | રૂ.૬૦૦૦/- |
| બીજો | રૂ.૫૦૦૦/- |
| ત્રીજો | રૂ.૪૦૦૦/- |

(3) ઉત્તર બુનિયાદી માટે રાજય કક્ષાએ પ્રથમ ત્રણ આવનારને "જિલ્લા કક્ષાની" રકમ મુજબના ત્રણ ઇનામો આપંવાના રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૫) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે..

(૬) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયંત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે

(૮) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૯) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૯૫- અનુસૂચિત જાતિ પેટા યોજના, મુખ્ય સદર- ૨૨૨૫- અનુ.જાતિઓ, આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર – ૦૧ – અનુ.જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર- ર૭૭ શિક્ષણ, પેટા સદર- (૨૩) બીસીકે-૨૯ – જિલ્લા કક્ષાએ ધોરણ- ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને ઇનામો આપવા હેઠળ ચાલુ વર્ષે થયેલ જોગવાઇમાંથી કરવાનુ રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૪-૬-૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

( દિપલ હડીયલ )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, (નિયામકશ્રી(અજાક)મારફત)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) (નિયામકશ્રી(અજાક)મારફત)
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી(અજાક)મારફત)
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.